ANUPRAJNA
National E-Journal (An Open Acess Multidisciplinary Multilingual
Peer Reviewed and Referred Journal

# શહેરી અને ગ્રામીણ સાક્ષર તથા નિરક્ષર મહિલાઓના પારિવારિક મૂલ્યો પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ

ડો. પ્રવિણાબેન કે. પટેલ
*આસિસ્ટંટ પ્રોફેસર, સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ*

Paper Received on:
05/08/2021

Paper Accepted on:
27/08/2021

## ૧. પ્રસ્તાવના:

ભારતની સભ્યતા અને સંસ્કૃતિની એવી અવિરત ધારા છે જે પ્રાચિન કાળથી વિના અવરોધે ગતિથી વહેતી ચાલી આવી છે. પ્રત્યેક ભારતીય વ્યકિતનાં જીવનની મૂળ આધારશીલા 'જીવનનાં મૂલ્યો' છે. જે આપણી સભ્યતા અને સંસ્કૃતિને વિઘ્નરહિત ટકાવી રાખે છે. તે જ જીવન મૂલ્યો ભારતનાં દેદિપ્યમાન અને ઉર્જાવાન રૂપનાં મૂળમાં છુપાયેલાં છે. અત્રે એક બાબત એવી પણ વિચારણા માંગી લે છે કે આપણી સભ્યતા અને સંસ્કૃતિનાં આધાર અમારા જીવન મૂલ્યો છે તો તેનાં મુખ્ય સ્ત્રોત અમારી મહિલાઓ જ છે. નારી જ બાળકનાં જીવનમાં મૂલ્યોનું આરોપણ કરીને બાળકનાં જીવનને મૂલ્યવાન બનાવી આપે છે.

કારકિર્દીની આ ઉડાનમાં યુવા પેઢી મહિલાઓ પોતાનાં નીતિ અને નિયમો આડે આવા દેતા નથી, નાતો સંવેદના, લાગણીઓનાં વહેણમાં તણાઈ સીમિત થઈ જાય છે. બહુ જ જલદી સુખ, સુવિધા સભર જીવન માટે આગળ વધવાનું લક્ષ્ય સેવે છે. એમને એટલી બધી ઉતાવળ છે કે તેઓ શોર્ટકટ અપનાવવા માટે હિચકિચાટ અનુભવતા નથી. ઉપર્યુકત તમામ કારણને લીધે સંશોધકના મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ કે બદલાતાં જતાં આ સંજોગો, પરિવેશમાં મહિલાઓની પારિવારિક મૂલ્યો પ્રત્યેની અભિરૂચિ, વલણો કેવાં પ્રકારનાં છે, સાક્ષર અને નિરક્ષર મહિલાઓના પારિવારિક મૂલ્યો પ્રત્યે તેમનો કેવો અભિગમ છે.

## ૨. સમસ્યા કથન:

**શહેરી અને ગ્રામીણ સાક્ષર તથા નિરક્ષર મહિલાઓના પારિવારિક મૂલ્યો પ્રત્યેના વલણોનો તુલનાત્મક અભ્યાસ**

## ૩. સંશોધનનાં હેતુઓ :

- શહેરી અને ગ્રામીણ વિસ્તારની સાક્ષર અને નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણો પારિવારિક મૂલ્ય કસોટી દ્વારા જાણવા.
- શહેરી સાક્ષર મહિલાઓ અને નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- ગ્રામીણ સાક્ષર મહિલાઓ અને નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શહેરી સાક્ષર મહિલાઓ અને ગ્રામીણ સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શહેરી નિરક્ષર મહિલાઓ અને ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શહેરી સાક્ષર મહિલાઓ અને ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.
- શહેરી નિરક્ષર મહિલાઓ અને ગ્રામીણ સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોનો તુલનાત્મક અભ્યાસ કરવો.

## ૪. સંશોધનની ઉત્કલ્પનાઓ:

- શહેરી સાક્ષર મહિલાઓ તથા નિરક્ષર મહિલાઓની પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.
- ગ્રામીણ સાક્ષર મહિલાઓ તથા નિરક્ષર મહિલાઓની પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.
- શહેરી સાક્ષર મહિલાઓ અને ગ્રામીણ સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.
- શહેરી નિરક્ષર મહિલાઓ અને ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.

- શહેરી સાક્ષર મહિલાઓ અને ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.

- શહેરી નિરક્ષર મહિલાઓ અને ગ્રામીણ સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની સરેરાશમાં સાર્થક તફાવત નહિ હોય.

**૫. પારિભાષિક શબ્દોની વ્યાખ્યા:**

- **પારિવારિક મૂલ્યો :**

પરિવારનાં રસયુકત ધ્યેયોને પારિવારિક મૂલ્યની સંજ્ઞા આપી છે. પારિવારિક મૂલ્ય બે શબ્દનાં સંયોજનથી બને છે.

- **વલણ:** Wood word નાં મત અનુંસાર વલણ એક મત છે. આ રૂચિ ઉદેશ્યની થોડી–થોડી સ્થાયી પ્રવૃતિઓ છે. જેનાં માધ્યમ દ્વારા પૂર્વજ્ઞાનનાં આધાર પર યોગ્ય પ્રતિક્રિયાની ઉત્કંઠતા જોવા મળે છે.

- **સાક્ષર મહિલાઓ :** ૨૫ વર્ષ થી ૪૫ વર્ષ પૂરા કરવા વાળી મહિલાઓ જે અક્ષર જ્ઞાન ધરાવે છે તથા ઉચ્ચ શિક્ષણ પણ પ્રાપ્ત કરેલ છે તે સાક્ષર મહિલાઓની શ્રેણીમાં આવે છે.

- **નિરક્ષર મહિલાઓ :** ૨૫ વર્ષ થી ૪૫ વર્ષ પૂરા કરવા વાળી મહિલાઓ જે અક્ષર જ્ઞાન ધરાવતી નથી, તે નિરક્ષર મહિલાઓની શ્રેણીમાં આવે છે.

**૬. સંશોધન પદ્ધતિ:**

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિ આધારિત છે.

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક પ્રકારનું સંશોધન છે.

**૭.સંશોધનનું વ્યાપવિશ્વ અને નિદર્શ:**

પ્રસ્તુત સંશોધન કાર્યમાં સંશોધકે વ્યાપવિશ્વ તરીકે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાને વ્યાપવિશ્વ તરીકે લીધેલ છે.પ્રસ્તુત સંશોધનાનં ઉપરોકત પદ્ધતિઓ પૈકી યાદૃચ્છિક નમૂના પદ્ધતિએ નમૂનો પસંદ કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં મહેસાણાજિલ્લાના વિસનગર શહેર તથા ગામડાઓમાંથી ૨૦૦ મહિલાઓને નિદર્શ તરીકે પસંદગી પામ્યા હતા.

### ૮.સંશોધનનું ઉપકરણ:

પ્રસ્તુત સંશોધનમાં સ્વરચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૯. માહિતીનું એકત્રીકરણ:

પ્રસ્તુત સંશોધન કાર્યમાં મહિલાઓના પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણો તપાસવા માટે સંશોધકે માહિતી એકત્રીકરણ અગાઉથી મંજૂરી લેવામાં આવી હતી. મંજૂરી લીધા બાદ પ્રશ્નાવલી ભરાવવાની હોય તે પાસેથી પ્રશ્નાવલી ભરાવવામાં આવી હતી.

### ૧૦. માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન:

પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત પ્રાપ્તાંકોના આધારે સાક્ષર તથા નિરક્ષર મહિલાઓની પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોની જાણકારી મેળવવા માટે પ્રાપ્ત માહિતીનું મધ્યક, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી–મૂલ્ય મેળવ્યા હતા.

### : તારણો :

- શહેરી સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યકથી એ સ્પષ્ટ થાય છે કે તેમનાં વલણો શહેરી નિરક્ષર મહિલાઓનાં વલણોની તુલનામાં ઉત્તમ છે.

- ગ્રામીણ સાક્ષર મહિલાઓ અને નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યકથી એ સ્પષ્ટ થાય છે કે બંને વર્ગોનાં વલણોમાં સામાન્ય તફાવત છે.

- શહેરી સાક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યકથી એ સ્પષ્ટ થાય છે કે તેમનાં વલણો ગ્રામીણ સાક્ષર મહિલાઓનાં વલણોની તુલનામાં uંચી કક્ષના છે.

- શહેરી નિરક્ષર મહિલાઓ અને ગ્રામિણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યકથી એ સ્પષ્ટ થાય છે કે બંને વચ્ચે તફાવત છે, એટલે કે શહેરી નિરક્ષર મહિલાઓનાં વલણો ઉચ્ચ કક્ષાના છે.

- ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણો શહેરી સાક્ષર મહિલાઓની તુલનામાં યોથ્ય નથી એટલે કે, શહેરી સાક્ષર મહિલાઓનાં વલણો અપેક્ષા કરતાં ઉત્તમ છે.

➢ શહેરી નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યક તથા ગ્રામીણ નિરક્ષર મહિલાઓનાં પારિવારિક મૂલ્યો પ્રત્યેનાં વલણોમાં તેમનાં દ્વારા મેળવેલ ગુણોનાં મધ્યક વચ્ચે સામાન્ય તફાવત છે. અર્થાત, બંને જૂથોનાં વલણોનું સ્તર ઉત્તમ છે.

## સંદર્ભસુચિ

1. ઉચ્ચાટ, ડી. એ. (૨૦૦૪). **માહિતી પરના સંશોધન વ્યવહારો. રાજકોટ** યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

2. શાહ દીપિકાભદ્રેશ (૨૦૦૪). **શૈક્ષણિક સંશોધન** અમદાવાદ,ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

3. ગોહીલ, ભગવતસિંહજી. (૧૯૪૮). ભગવદ્રોમંડલ. (પ્રથમ આવૃત્તિ). ભાગ–૩, રાજકોટ : પ્રવિણ પ્રકાશન.

**4.** Sukhiya, Mehrotra, **Elements of Educational Research** Bombay : Alied Publishers Pvt. Ltd.

5. Lokesh, Koul **Methodology of Educational Research**. New Delhi : Vikas Publishing House Pvt. Ltd.